આદરણીય અધ્યક્ષશ્રી,

સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અંદાજો અનુસાર એકંદર ખાધ રૂપિયા ૫૫૮.૭૭ કરોડની રહેશે.

હવે હું સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.

**તમાકુ ઉપરનો વેરો**

રાજ્યમાં, તમાકુ અને તેની બનાવટો જેવી કે બીડી, સિગારેટ, ગુટખા વગેરે ઉપર વેટનો દર, વધારાના વેરા સહિત, કુલ પંદર (૧૫) ટકા છે. જ્યારે કાચી તમાકુ (unmanufactured tobacco)ને વેરામુક્તિ આપવામાં આવેલી છે.

તમાકુ અને તેની બનાવટો આરોગ્ય માટે હાનિકારક છે. તમાકુ અને તેની બનાવટોનું સેવન અટકે તથા વપરાશ શક્ય તેટલો ઓછો થાય તે સમાજના હિતમાં જરૂરી છે. આ ચીજવસ્તુઓના વેરાના દરમાં વધારો, તેના વપરાશ ઉપર અંકુશ રાખવામાં કંઈક અંશે સહાયરૂપ થાય છે. આ હેતુ સિદ્ધ થાય તે બાબત ધ્યાનમાં રાખીને, તમાકુ અને તેની બનાવટો પરનો હાલનો વેરાનો દર જે વધારાના વેરા સહિત ૧૫ ટકા છે, તે વધારીને વધારાના વેરા સહિત ૨૦ ટકા કરવાની હું દરખાસ્ત કરું છું. કાચી તમાકુ (unmanufactured tobacco) ઉપરની વેરામુક્તિ ચાલુ રહેશે.

**વેલ્યુ એડેડ ટેક્સ**

કેન્દ્રીય વેચાણવેરો નાખવાની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે, પરંતુ આ વેરો ઉઘરાવવાની અને રાખવાની સત્તા રાજ્ય સરકારને પ્રાપ્ત થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય વેચાણવેરાનો દર તા. ૧-૪-૨૦૦૭ થી ૪ ટકાથી ઘટાડી ૩ ટકા અને તા. ૧-૬-૨૦૦૮ થી ૩ ટકાથી ઘટાડી ૨ ટકા કરવામાં આવેલ છે. આ ઘટાડાને કારણે રાજ્યને વેરાકીય આવકમાં હજારો કરોડનું નુકસાન થયેલ છે.

કેન્દ્રીય વેચાણવેરામાં થયેલ ઘટાડાને કારણે રાજ્યોને થયેલ નુકસાન પેટે વળતર ચૂકવવા માટે કેન્દ્ર સરકાર રાજ્યો સાથે સંમત થયેલ હતી. આ સંમતિ મુજબ કેન્દ્ર સરકારે એક ફોર્મ્યુલા નક્કી કરી જાહેર કરી હતી. પરંતુ આ ફોર્મ્યુલામાં કેન્દ્ર સરકાર દ્વારા એકતરફી ફેરફાર કરવામાં આવેલ હોવાના કારણે રાજ્યોને નુકસાન થયેલ છે. વારંવાર રજૂઆત કરવા છતાં વળતર અંગેની મૂળ ફોર્મ્યુલામાં રહેલ ક્ષતિઓ હજી સુધારવામાં આવેલ નથી. વધુમાં ફોર્મ્યુલા પ્રમાણે મળવાપાત્ર પૂરેપૂરું વળતર પણ કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવામાં આવેલ નથી. રાજ્ય સરકારને હજી પણ કેન્દ્ર સરકાર પાસેથી વળતર પેટે અંદાજીત રૂ. ૨૨૦૦ કરોડ લેવાના બાકી છે.

વધુમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૦-૧૧માં કેન્દ્રીય વેચાણવેરાના નુકસાન પેટે વળતર ચૂકવવા અંગે કોઈ નિર્ણય લીધેલ નથી. કેન્દ્ર સરકારના આ વલણના કારણે રાજ્યની મહેસૂલી આવક ઉપર ગંભીર અસર થયેલ છે અને વેરાકીય આવકમાં થયેલ આ ઘટાડા અને ઊભી થયેલ અનિશ્ચિતતાને કારણે રાજ્યની વિકાસ યોજનાઓ ઉપર અવળી અસર ન પડે તે માટે આગોતરું આયોજન કરવું જરૂરી બને છે. આ પરિપ્રેક્ષ્યમાં, રાજ્યની વિકાસની યોજનાઓ માટે પૂરતા પ્રમાણમાં નાણાં મળી રહે તે માટે હું નીચે મુજબની દરખાસ્ત કરું છું.

વેટના કાયદાની જોગવાઈઓ અનુસાર નોંધાયેલા વેપારીને તેના વેચાણો ઉપર, કરેલ ખરીદી વખતે ચૂકવાયેલ ટેક્સની ક્રેડિટ મળવાપાત્ર થાય છે. આંતરરાજ્ય માલના વેચાણો ઉપર હાલની જોગવાઈઓ મુજબ સ્થાનિક ખરીદી ઉપર ભરેલ વેરાની પૂરેપૂરી ટેક્સ ક્રેડિટ આપવામાં આવે છે. તે જ પ્રમાણે, ઉત્પાદિત થયેલ વેરાપાત્ર માલ આંતરરાજ્ય વેચવામાં આવે તો પણ કાચામાલની ટેક્સ ક્રેડિટ આપવામાં આવે છે. આમ, આંતરરાજ્ય વેચાણોમાં વપરાતા રાજ્યમાંથી ખરીદેલ માલ પર ટેક્સ ક્રેડિટ લાગુ પડતા દરે મજરે મળે છે.

રાજ્યની વેરાકીય આવકોને સુદઢ કરવાના હેતુથી, આંતરરાજ્ય વેચાણોમાં વપરાયેલ માલની રાજ્યમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેક્સ ક્રેડિટ બે(૨) ટકા ઘટાડવા માટે હું દરખાસ્ત કરું છું.

આ દરખાસ્તનો અમલ તા. ૧–૭–૨૦૧૦થી કરવામાં આવશે. જો કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦–૧૧ માટે કેન્દ્રિય વેચાણવેરાની આવકના નુકસાન પેટે વળતર આપવાનો નિર્ણય કરવામાં આવશે તો આ બાબત અંગે રાજ્ય સરકાર પુનઃ વિચારણા કરશે. સૂચિત વ્યવસ્થાથી રાજ્યની પ્રજા ઉપર વેરાનું વધારાનું ભારણ પડશે નહીં.

**મોટર વાહન વેરો**

મુંબઇ મોટર વાહન વેરાના માળખામાં અગાઉ સરળીકરણ કરી વેરાના દર તર્કસંગત કરવામાં આવેલ હતા. આ પ્રક્રિયાને આગળ વધારતાં નીચે મુજબના ફેરફાર કરવાની દરખાસ્ત કરું છું.

**માલવાહક વાહનો પર ઊચક વેરો**

૩ ટનથી ૭.૫ ટન સુધીના માલવાહક વાહનો પર ઊચક અથવા વાર્ષિક / છ માસિક ધોરણે વેરો ભરી શકાય છે. હાલમાં મોટાભાગના લોકો વાર્ષિક / છ માસિક ધોરણે વેરો ભરે છે. જેના કારણે વેરો વારંવાર ભરવાના તેમજ ડીફોલ્ટના પ્રશ્નો ઉદભવે છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે, આવાં વાહનોમાં હવે પછી ફરજિયાત ઊચક વેરો ૬ ટકાના ધોરણે વસૂલવાની દરખાસ્ત કરું છું. જૂનાં વાહનોને તેમની ઉંમર પ્રમાણે વેરામાંથી બાદ આપવામાં આવશે.

**મેકસીકેબ ઉપર વાર્ષિક વેરો**

૬ થી ૧૨ સીટના કોન્ટ્રેકટ કેરેજ ઉતારુ વાહન એટલે કે, મેકસીકેબ ઉપર હાલ માસિક ધોરણે વેરો ભરવામાં આવે છે. આ જોગવાઇને કારણે વાહન માલિકોને વારંવાર વેરો ભરવા કચેરીએ આવવું પડે છે અને ડીફોલ્ટના પ્રશ્નો ઉદભવે છે. આથી, આ મુશ્કેલીઓના નિરાકરણ માટે આવાં વાહનોમાં માસિકના સ્થાને વાર્ષિક ધોરણે વાહન વેરો લેવાની દરખાસ્ત કરું છું.

**બેંકો દ્વારા વાહનોની નોનયુઝ કસ્ટડી**

રાજ્યમાં બેંકો થકી ખેડૂતો/ નાના વર્ગના લોકોને ધિરાણ આપી વાહનો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે. આવાં વાહનોને જયારે બેંકો દ્વારા પરત લેવાના પ્રસંગો ઊભા થાય ત્યારે તેમના પર મોટું વેરાકીય ભારણ આવે છે તેવી રજૂઆતો મળેલ હતી. આવી સંસ્થાઓ

આવું વાહન જેટલો સમય ઉપયોગ વગર પોતાની કસ્ટડીમાં રાખે તે સમય માટે નોન યુઝ મેળવી નાણાકીય ભારણથી બચી શકે તે માટે આ સંપૂર્ણ પ્રક્રિયાને સરળ કરી બેંકો જેટલા સમય સુધી વાહન પોતાની કસ્ટડીમાં ઉપયોગ વગર રાખે એટલો સમય ડીમ્ડ નોનયુઝ ગણી વેરા મુકિત આપવા દરખાસ્ત કરું છું.

વાહનોના પુનઃ વેચાણ ઉપર વેરો

રાજયના વિકાસ સાથે રાજયમાં વાહનોની સંખ્યા ઝડપથી વધવા પામેલ છે. નવાં વાહનો સાથે સાથે જૂનાં વાહનોના ખરીદ વેચાણ પણ મોટા પાયે વધેલ છે. જે વાહનો પર ઊચક વેરો લેવાય છે તેવાં વાહનોના પુનઃ વેચાણ વખતે મૂળ વેરાના ૧૫ ટકાના ધોરણે વેરો લેવા દરખાસ્ત કરું છું. આ વેરામાંથી ખેતી કાર્ય માટે વાપરવામાં આવતા ટ્રેકટર, ત્રણ મુસાફરોને વહન કરવાની ક્ષમતા ધરાવતી ઓટોરિક્ષા અને વિકલાંગો માટેનાં ઇન્વેલિડ કેરેજ વાહનોને મુકિત આપવામાં આવશે.

સમાપન

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

*(રકમ રૂપિયા કરોડમાં)*

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની ખાધ | | (-)૫૫૮.૪૪ |
| (૨) | કરવેરામાં સૂચિત વધારા | | |
| | વેલ્યુ એડેડ ટેક્સ | ૭૦૦.૦૦ | |
| | મોટર વાહન વેરો | ૩૦.૦૦ | |
| | કુલ | ૭૩૦.૦૦ | |
| (૩) | એકંદર અંદાજીત પુરાંત | | (+)૧૭૧.૫૬ |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

----------------